ભજન ભંડાર.



મળવાનું ઠે.-બુકસેલર. સાકરલાલ બુલાખીદાસ-અમદાવાદ.

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગૂજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૧૫૧૭૩

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक १५१७३ वर्गांक

पुस्तकनुं नाम ભજન ભંડાર

विषय

ભજન ભંડાર.

ભજન ૧

ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ, ગુરૂ દેવ મહેશ્વર;
ગુરૂદેવ પરિબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરૂવે નમ:
મુકં કરોતિ વાચાલં, પંગુ લંઘયતે ગિરિમ્.
યત્કૃપા તમેહં વંદે, પરમાનંદ માધવમ. ૨
પ્રેમ સહિત શ્રી કૃષ્ણનું, કથા કિર્તન જ્યાં નિત થાય,
કોટી તિરથ આવી ત્યાં વસે, જેનું ભાગ્ય હોય તે ન્હાય.
ન્હાયો તે માટે પવિત્ર પ્રમાણું, તે વિના સર્વેને સુતકી જાણું,
જીવતાં ... સરખા સહુ તેહ ભુતલ ભાર કર્યો ધરી દેહ. ૩
વળી પરવારી સૌ કામથી કોઇ મૃત્યુ ન પામ્યા જન,
આ કીધું આ કરવું છે એમ કરતાં આવશે અંત.
અલ્યા અંત આવશે ને હરી કયારે કહીશ,
ચેત ચેત નહીં તો પસ્તાઇશ.
મરણ નહીં આવે કાનમાં કહીને,
થશે અંધારૂં ઓચીંતુ થઇને–સેવો શ્રી કૃષ્ણ ઉપાસના. ૪

ભજન ૨

રણછોડીયા તારો મુલક મારે જોવો છે
રણછોડીયા લળી લળી લાગુ પાય

રણછોડીયા તારો મુલક મારે જોવો છે.
રણ—પીત્તળ લોટા જળે ભર્યા
રણ—દાતણ કરતા જાવો-રણછોડીયા તારો મુલક મારે જોવો છે
રણ—લળી લળી લાગુ પાય-રણછોડીયા તારો મુલક મારે જોવો છે
રણ—દહીં દુધના ગગરા ભર્યાં છે
રણ—નાવણ કરતા જાવો-રણછોડીયા-રણ-લળી લળી૦
રણ—તાંબા તે કુંડીયેઃ જળે ભરી
રણ—નાવણ કરતા જાવો-રણછોડીયા-રણ-લળી લળી૦
રણ—કેશર ચંદન ઘસી મેલ્યાં છે
રણ—તીલક કરતા જાવો-રણછોડીયા-રણ-લળી લળી૦
રણ—સેવ સુંવાળી ને લાવશી
રણ—ભોજન કરતા જાવો-રણછોડીયા-રણ-લળી લળી૦
રણ—પાન સોપારી ને એલચી છે
રણ—મુખવાસ કરતા જાવો-રણછોડીયા-રણ-લળી લળી૦
રણ—સાગ સીંસમના ઢોલીયા
રણ—પોઢણ કરતા જાવો-રણછોડીયા-રણ-લળી લળી૦
રણ—નરસીંહનો સ્વામી શામળો
રણ—લળી લળી લાગુ પાય-રણછોડીયા-રણ-લળી લળી૦

ભજન ૩

રંગ રસીયા રાય રણછોડ છે
નીરખ્યાના મુજને કોડ છે
દરસનના મુજને કોડ છે
તીકમ માધવની જોડ છે. રંગ રસીયા૦
મુસ્તકે મુગટ કાનુમે કુંડલ
મુખ મોરલી ગમઘોર છે. રંગ રસીયા૦
બોડાણે ગુજરાતમાં લાવીને રોપ્યો,
કલ્પતરૂનો એ છોડ છે. રંગ રસીયા૦
પ્રેમને વશ થઇ મુકી દવારકા,
આવી વસ્યા ડાકોરરે. રંગ રસીયા૦
ત્રીલોવન તારણ ભગત ઓધારણ,
એ તો મારા ચીતડાના ચોર છે. રંગ રસીયા૦
કહે હરીદાસ હરી શરણે રાખો,
એજ અમારૂં જોર છે. રંગ રસીયા૦

ભજન ૪

તારો નેડો લાગ્યો મને રાજા રણછોડરે,
રાજા રણછોડરે રંગીલા રણછોડર. તારો૦
અધમ ઓધારણ નામ તમારૂં, માહાતમ તેનું મોટું રે,
હરતાં ફરતાં તુજને સમરૂં, બાકી સરવે ખોટુંર. તારો૦

કાશી દેખી દેખી દ્વારકાં, તીરથ દેખ્યાં ઝાઝરે.
સતસંગતમાં બેઠો ત્યારે, મનડે મુકી માઝારે. તારો૦
ભવસાગરમાં બુડી પડયો હું, સગાં સંબંધી લુંટેરે,
દાસ છોટમ પર દયા કરો તો, ભવનાં બંધન છુટેરે. તારો૦

ભજન ૫

શોભા શી કહુંરે ડાકોરની
મારા રઢીયાળા રણછોડની શોભા શી કહુંરે ડાકોરની
મારા અલબેલા ઠાકોરની શોભા શી કહુંરે ડાકોરની.
હાંરે તારૂં દેહ ગગનમાં ગાજે
હાંરે તારે મુસ્તકે મુગટ બીરાજે—શોભા શી કહુંરે. મારા૦
હાંરે ત્યાં તો ગોમતી ગંભીર ગાજે
હાંરે તારે દરવાજે નોબત વાગે—શોભા શી કહુંરે. મારા૦
હાંરે સામે ડંકનાથનો આરો
હાંરે ત્યાં તો મેળો ભરાય બહુ સારો—શોભા શી કહુંરે. મારા૦
હાંરે તમે દ્વારકાના વાસી
હાંરે તમે ડાકોર કીધું કાશી—શોભા શી કહુંરે. મારા૦
હાંરે દેશો દેશોના સંગજ આવે
હાંરે સામગ્રીમાં સીરો ધરાવે—શોભા શી કહુંરે. મારા૦
હાંરે દાસ દાસના સ્વામીને મળજો
હાંરે દયા આવે તો દરશન દેજો—શોભા શી કહુંરે. મારા૦

ભજન ૬

લેહે લાગી મને તારી, મોહનજી લેહે લાગી મને તારીરે;
દુનિયાથી રહી છું ન્યારી, મોહનજી લેહે લાગી મને તારીરે.
કામને વીસાર્યાં ને ગામને વીસાર્યાં,
મનમાં ચાહું છું મોરારી મોહનજી— લેહે લાગી૦
ખભે છે કામળી ને હાથમાં છે લાકડી,
ગોકુળમાં ગાયો ચારી મોહનજી— લેહે લાગી૦
સોળ સહસ્ત્ર ગોપીયોને તમેજ વરીયા,
તોય તમે બાળ બ્રહ્મચારી મોહનજી— લેહે લાગી૦
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ,
ચરણ કમળ બલીહારી મોહનજી— લેહે લાગી૦

ભજન ૭

વાગે છે રે વાગે છે વંદ્રાવન મોરલી વાગે છે
એનો શબ્દ ગગનમાં ગાજે છે, વંદ્રાવન મોરલી વાગે છે.
વંદ્રા તે વનને મારગ જાતાં દાણ દધીનાં માગે છે—વંદ્રાવન૦
વંદ્રા તે વનની કુંજગલનમેં,
રાધા ને કૃષ્ણ બીરાજે છે— વંદ્રાવનમોરલી વાગે છે.
વંદ્રા તે વનમાં રાસ રચ્યો છે,
થૈ થૈ થૈ થૈ નાચે છે— વંદ્રાવન મોરલી વાગે છે.

અમે સુતા હતા ભર નીદ્રામાં,
નણદી વેરણ જાગે છે— વંદ્રાવન મોરલી વાગે છે.
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ,
એના દરશનથી દુઃખ ભાગે છે—વંદ્રાવન મોરલી વાગે છે.

ભજન ૮

હરિ વીના વહાણું ના વાહાય રે ઓધવજી
પ્રભુ વીના પળ ના રહેવાય રે ઓધવરાય અમને
મોર પીછાનો વાલે મુગટ બનાવ્યો
એની ગુવરીએ ઘમઘોર રે—ઓધવરાય અમને—હરી૦
મથુરા જાવો તો મુગટ મેલતા જાજો
એ રે આધારે દહાડા જાય રે— ઓધવરાય—હરી૦
આણી તેડે ગંગા ને પેલી તેડે જમુના
વચમાં ગોકુળ રૂડું ગામ રે— ઓધવરાય—હરી૦
જમુનાને તીરે વાલો ધેન ચરાવે
બનસી બજાવે નંદલાલો રે— ઓધવરાય—હરી૦
કનક કટોરામાં કેસર ઘોળાવું
મારા વાલાજીના વાઘા છંટાવું રે— ઓધવરાય—હરી૦
થોડા થોડા જળમાં માછલડીરે તલસે
તલસે તરશે જીવ જાય રે— ઓધવરાય હરી૦
વંદ્રા તે વનની કુંજ ગલીમાં
સોલસે ગોપીઓને મારો શામ રે— ઓધવરાય—હરી૦

સેરીયો ભલી પણ સાંકડી રે
નગર ઘણા પણ દુર રે— ઓધવરાય-હરી૦
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ
કમળમાં બલીહારી રે— ઓધવરાય-હરી૦

પલક મત વીસરો રામૈ રામ પલક મત વીસરો રામૈ રામ
ગલેમેં તુલસીકી માળા મુખમે રામ રામ
હીરદેમે ઠસાવો શ્રી સારંગરામ—પલક મત વીસરો૦
હીરદેમે તેરો રામજી બીરાજે, સીતાજીકી શોધમેં
ખેલે હનમાન—પલક મત
નોકર ચાકર બોત ગુલામ રામા, અંતે નહી આવે કોઈ
તેરે કામ—પલક
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ નયણા કે પીયારે મેરે
સુંદીર શામ—પલક મત વીસરો રામૈ રામ.

ભજન ૧૦.

રામૈ રામ રટોને જગમાં જે ડાહ્યા ને શાણા.
રામ રસાયણ મીઠો મેવો સકળ શાસ્ત્રનો સાર,
ઉંચ નીચનો મેળ નહીને રામ રટેથી પાર—રામૈ રામ૦
પાઠ પુજા યોગ યજ્ઞ તે નામ સમા ન આવે રામ,
હરતે ફરતે સુતે બેઠે જો ઉભરાણો આવે—રામૈ રામ૦
યાજ્ઞવલ્કે કહ્યું ભારતદ્વાદને શીવ પારવતી નારી રામ
કાગ ભુસંડીએ કહ્યું ગરૂડને નીરખે નામ બલીહારી-રામૈ રામ૦

ભજન ૧૧.

વંદ્રાવન મોરલી વાગેરે નંદાજીના હો લાલ
હાલો હાલો જોવાને જઇયેરે મોરલી વાગેરે નંદાજીના હો લાલ
પીળાં પીતાંબર પહેરીયાંરે નંદાજીના હો લાલ
જામા પહેર્યા જરીઆનરે, મોરલી વાગેરે નંદાજીના હો લાલ-વંદ્રા
માથે મેવાડી મોળીયાંરે નંદાજીના હો લાલ
ખભે ખંભાતી ખેસરે, મોરલી વાગેરે નંદાજીના હો લાલ-વંદ્રા
ભાલે તીલક કેશર તણારે, નંદાજીના હો લાલ
હડપચીએ હીરલાનું તેજરે મોરલી વાગેરે નંદાજીના હોલાલ-વંદ્રા
નાકે નવેસર શોભતારે નંદાજીના હો લાલ
ચુની છે લાલ ગુલાલરે, મોરલીવાગેરે નંદાજીના હો લાલ-વંદ્રા
કાને તે કુંડળ શોભતારે નંદાજીના હો લાલ
કંઠે એકાવન હારરે મોરલી વાગેરે નંદાજીના હો લાલ-વંદ્રા
હાથે હીરાના સાંકળાંરે નંદાજીના હો લાલ
દસે આંગળીએ વેઢરે મોરલી વાગેરે નંદાજીના હો લાલ-વંદ્રા
બાહે બાજુબંધ બેરખાંરે નંદાજીના હો લાલ
પોચી છે રતન જડાવરે મોરલી વાગેરે નંદાજીના હો લાલ-વંદ્રા
કેડે શોભે કટી મેખલારે નંદાજીના હો લાલ
પાયે ઝાંઝરનો જમકારરે મોરલી વાગેરે નંદાજીના હોલાલ-વંદ્રા
પગે રાઠોડી મોજડીરે નંદાજીના હો લાલ
હીંડે ચમકતી ચાલરે મોરલી વાગેરે નંદાજીના હોલાલ-વંદ્રા

સંગે રાધાજી શોભતારે નંદાજીના હો લાલ
થૈઇ થૈઈ રમીયા રાસરે મોરલી વાગેરે નંદાજીના હો–વંદ્રા
મેતા નરસાઇનો સ્વામી શામળોરે નંદાજીના હો લાલ
વાલે ફરી રમાડયા રાસરે મોરલી વાગેરે નંદાજીના હો–વંદ્રા

ભજન ૧૨.

શ્રી રામનું ભજન તમે ભુલશો મા ભાઈ
વારેવારે મનખો આવશે નહી, તારો વારેવારે મનખો

કાચી કાયાનો રામ પીંડ બંધાણો
કાંકરે કાંકરે ઉડી ગયા કંઇ. વારેવારે—કાંકરે કાંકરે.

રાજા કંસ તો હતો મહા પાપી
અતી પાપે સોટો ધુળમાં થઇ. વારેવારે—કાંકરે કાંકરે.

રાજા રાવણ તો હતો હંકારી
અતી હંકારે ગઢ લંકા ગઈ. વારેવારે—કાંકરે કાંકરે.

વંદ્રા તે વનમાં રાસ રમ્યો છે
આજે આનંદની હેલી થઇ. વારેવારે—કાંકરે કાંકરે.

બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ
લખરે ચોરાસીની પીડા ગઇ. વારેવારે—કાંકરે કાંકરે.

ભજન ૧૩

હું નહી જાઉં રે ગાવલડી ચારવાને જશોદા માતા
તમે શું કહો છો, ગોવાળીયા તો છેડ કરે છે ઝાઝા
મને પરભાતે વહેલો ઉઠાડે
મને ટાઢે તે પાણીયે નવરાવે
મને ઠંડી રોટલી ખવરાવે. હું નહી જાઉં૦
મને કાળીયો તો કાળીયો સહુ કહે છે
મને ગોવાળીઆ મેહેણાં દે છે
મને ગાયોની પાછળ દોડાવે— હું નહી જાઉં૦
મહા વનમાં વાઘ વરૂ રહે છે
તે દેખીને તન મારૂં ધ્રુજે છે
મા મોકલીને કેમ ઉંઘે છે— હું નહી જાઉં૦
ઘણાં ગંગાને જુમના પુર વહે છે
મહી મગર ને મહી મછ રહે છે
તેમાં બુડી જવાનો ડર રહે છે— હું નહી જાઉં૦
મને એપરી ને પેપરી રમાડે
મને ઝીણી સોટીનો માર મારે
મને ચમચમ વાગે છે— હું નહી જાઉં૦
દાસ પ્રીતમનો સુણજો દાવો
રસ પીયો ને પુરણ પાવો
તમે હરી ભજીને લ્યો લાહવો— હું નહી જાઉં૦

ભજન ૧૨.

મારા વાલારે વંદ્રાવનની વાટે વહેલા આવજો
મારા વાલારે પ્રેમીજનને પ્રેમ કરી બોલાવજો
મારા વાલારે પ્રેમીજનના હૈડાં તો હરખે ભર્યા
મારા વાલારે તે દેખીને ચોતડાં મારાં ત્યાં ઠર્યા
મારા વાલારે જુમનાજીની અખંડ આરતી થાય છે
મારા વાલારે દરશન કરવા નરનારી સઉ જાય છે
મારા વાલારે ગોવરધન ઉપર ગઉધન ચરવા જાય છે
મારા વાહારે મહીયારીનાં મહીંડા લુંટી ખાય છે
મારા વાલારે વ્રજની નારી ઠપકા દેવા જાય છે
મારા વાલારે જસોદા માતા સોટી લઇને જાય છે
મારા વાલારે વંદ્રાવનમાં અખંડ રાસ રમાય છે.
મારા વાલારે નટવરજી નાચે ને ગોપીઓ ગાય છે
મારા વાલારે વંદ્રાવનમાં મીઠી મોરલી વાગે છે
મારા વાલારે માધવદાસ બંલીહારી જોવા જાય છે.

ભજન ૧૩.

મેલી દેને કાન કાનરે મારગડો મારો (૨)
છોડને પાલવડો મારો— મેલીદે.
વારે વારે તમને નંદ કુંવરને,
હજુ ન આવી સાન સાનરે મારગડો મારો–છોડ–મેલી

ઉભા ઉભા સાન કરો છો મોહના મારો છો બાણ,
બાણુરે મારગડો મારો–છોડ–મેલી.
હુમે મહીયારી રાજા કંસની કહીયે.
શેના માગો છો દાન દાનરે મારગડો મારો–છોડ–મેલી.
વાટે ને ઘાટે શાને રોકો છો,
તમને છે કંસની આંણુ આંણુરે મારગડો મારો–છોડ–મેલી.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણુ
તમે છો નંદાજીના લાલ લાલરે મારગડો મારો–છોડ–મેલી.

ભજન ૧૪.

મન માયામાં જાય ભક્તિ કરૂં કેમ શ્રીહરી,
મન મારૂં મુંજાય ભક્તિ કરૂં કેમ શ્રીહરી. મન૦

જ્યારે ઉઠુ પ્રાતઃકાળ સાથે રડતા ઉઠે બાળ,
એ છે મોટી જંજાળ ભક્તિ કરૂં કેમ શ્રીહરી. મન૦

એને સમજાવું ઝટ એની કરૂં ખટપટ,
એને છાંના રાખું ઝટ ભક્તિ કરૂં કેમ શ્રીહરી. મન૦

ત્યાં તો દીન ચડી જાય પાઠ પુજા ન થાય,
જીવ ધંધામાં જાય ભક્તિ કરૂં કેમ શ્રીહરી. મન૦

નારી બોલે વચન ઘરમાં થોડું છે અન્ન,
કાલે ક્યાંથી ભોજન ભક્તિ ચરૂં કેમ શ્રીહરી. મન૦

તમે કેમ થયા રાંક કાંઇક લાવોને શાક,
એમાં માહરો શો વાંક ભક્તિ કરૂં કેમ શ્રીહરી. મન૦
નારી બોલે છે એમ માહરે પહેરવા જોઇએ હેમ,
મારે કરવું તેનું કેમ ભક્તિ કરૂં કેમ શ્રીહરી. મન૦
આ જુઠો જંજાળ નારી જોઇ રહ્યો છે કાળ,
બળે એની ઝાળ ભક્તિ કરૂં કેમ શ્રીહરી. મન૦
કહે વીઠલ મહારાજ પ્રભુ તમે રાખો લાજ,
કરો ભકતોના કાજ ભક્તિ કરૂં કેમ શ્રીહરી. મન૦

ભજન ૧૫.

દીવામાં દીવેલ ખુટયું, હવે નથી વાર મુરખ મનમાં વીચાર
તું જાણે હું જથાવાળો પુત્રને પરીવાર
આચિંતી આવી પડશે જમ કેરી ધાડ— મુરખ
જુવાનીનું લટકું આવ્યું છે દહાડાં ચાર
મનમાં મસ્તાનો હીંડે, છોગા મેલે ચાર— મુરખ
શુરો થઇને સામો આવે, બાંધે તરવાર
માથા ઉપર મરણ ભમે, કોપી રહ્યો કાળ— મુરખ
લીલા વાંસની પાલખી ને શ્રીફળ બાંધ્યા ચાર
ડાભની દોરીયે બાંધ્યો ઉચકનારા ચાર— મુરખ
વન કેરી કાઠી ને છાતી ઉપર ભાર
કંચન જેવી કાયા તારી, બળી થાશે ખાખ— મુરખ

સગાં તારાં સ્વારથીયા, કરે કાગારોળ,
મસાણુ સુધી વળાવીને ઘેર પાછા જાય— સુરખ
જીવ ગયો ક્યાં તેનો કરોને વિચાર
જે રામના સ્વામી સમરો, ઉતારે ભવ પાર— સુરખ

ભજન ૧૬

તને જમડા લેશે લુંટી આંખ્યો કેમ ફુટી કેમ ફુટી

(સાખી)

જોતાં જોતાં જનમ વહી ગયો ને દેહ આવરદા ખુટી,
અજ્ઞાનપણામાં અવળો ચાલ્યો એમ કરતાં દોરી તારી
ટુટી રે આંખ્યો કેમ ફુટી કેમ ફુટી— તને જમડા.

(સાખી)

કુડી કમાઇના ઢગલા કર્યાને વાતો કરી મોટી મોટી
અંતે જાતા રહેશો એકલા તારી સાથે નહી આવે એક લોટી રે
આંખ્યો કેમ ફુટી કેમ ફુટી— તને જમડા.

(સાખી)

કથા તો નીંદની કરીને વાતો લાગી ગળી ગળી
પરનારીમાં શું તું મોહ્યો તારી આંખ્યોમાં ગાલશે
સોયો રે, આંખ્યો કેમ ફુટી કેમ ફુટી. તને જમડા.

(સાખી)

મોટાઈમાં ફુલી ગયોને શેઠ પટેલ કેહવાયો મોટો
પણ મોટાઈ તો ખોટી થશે અંતે જમડા જપાટા મારે રે
આંખ્યો કેમ ફુટી કેમ ફુટી. તને જમડા.

(સાખી)

ચોરે બેસી ચાડીયો કરી ને હાથ હુકમ નહી સોટી,
કર્યા કરમ ભોગવવાં પડશે તારી વેળા આવશે ખોટી રે,
આંખ્યો કેમ ફુટી કેમ ફુટી. તને જમડા.

(સાખી)

અંબારામ કહે પ્રભુ ભજી લ્યો સાર શબ્દ લ્યો લુંટી,
સેવા કરી લ્યો સંત પુરૂષની તેથી જશો ભવ છુટી રે;
આંખ્યો કેમ ફુટી કેમ ફુટી. તને જમડા.

ભજન ૧૭

કોને વાહાલા અમે ક્યાં જઇયે,
ઘરના તે ઘાટના અમે ના રહીયે. કોને૦
પંચાયન દેવોને પુજ્ય ગણી રે,
મેં તો ધાર્યા તમને ધાર ધણી. કો૦
ત[illegible] હરી તમ માટે રે,
સતગુરૂ સેવું છું મારા સીર સાટે. કોને૦

દુરીજન લોકો મર્મ નવ જાણે રે,
પાછળ પડીયા છે પાડવા કાજેરે. કોને૦
ગોપાળ કૃષ્ણ પ્રભુ ગુણવંતારે,
અમને તારી લેજો બળવંતારે. કોને૦

ભજન ૧૮

તારૂં ધન જોબન ધુળ થાશે કંચન જેવી કાયા તે રાખમાં રોળાશે.
ઓંઘા પડશો જ્યારે સ્વાસ ઉપડશે ને નાકની ડાંડી મરડાશે.
અન્ન પાણી તારે ગળે નહી ઉતરે પછી લાંઘણો કરી જીવ જાશે,
આવું તારૂં૦

ખોખરી દોણીમાં તારી આગળ મેલસેને, મસાણે લાકડાં નંખાંશે
આરજણા તને બાળી ખોળીને, પછી પંચ મળી કાગળ લખાશે.
આવું તારૂં૦

એક બીજા વીના ઘડી ન ચાલતું, ને તેની તે તરીયા રંડાશે,
ભવોભવના એને છેટાજ પડશે, પછી બારણામાં ચુડો ભંગાશે.
આવું તારૂ૦

ભોજો ભગત કહે પુન દાન કર્યાં વીના તે નરકે જાશે
અહીંયાનું હશે તે અહીંયાંજ રહેશે પછી પાછલાને દીવાળી
થાશે આવું તારૂં

ભજન ૧૯

માને છે મારૂરે જાગીને જોને
તલભાર નથી કાંઇ તારૂંરે જાગીને જોને
માણેકને મોતીની દુકાનો જેણે માંડી
હિંડયા લઈ ફુટી હાંડીરે જાગીને જોને—માને છે મારૂ૦
ભંડાર ધનના ભરીયા ભુપાળે બજવી ભાલા
પણ ચાલ્યા ઠાલા માલારે જાગીને જોને—માને છે મારૂ૦
કીર્તીઓ જેના નાણાની સંભળાતી કાને
તે સુતા જઇ સમસાનેરે જાગીને જોને—માને છે મારૂ૦
સંચરતા હાથી ઘોડા હજારો જેની સાથે
તે હીંડયા ખાલી હાથેરે જાગીને જોને—માને છે મારૂ૦
કીધાં હોય હાથે કરીને કાંઇ પુન્ય દાન કોડે
તે જાય જીવની જોડેરે જાગીને જોને—માને છે મારૂ૦
રૂશીરાજ કહે રૂદીયામાં રહેનારો જેથી રીજે
કામો તો એવા કીજેરે જાગીને જોને—માને છે મારૂ૦

ભજન ૨૦

ગણુગણુ ઘાટનારે મુરખા મોતનારે માથે ચોઘડીયાં વાગે
ચોઘડીયાં વાગે સુતા હરીજન જાગેરે
આવી ભરાયા ઉજડ શહેરમાંરે માથે ચોઘડીયાં વાગે—ગણુ.
જુવાની દીવાની તારી કાલે જતી રહેસેરે
પાના ભરાશે તારા પાપનારે માથે ચોઘડીયાં—ગણુ.

જમના આગળ કોઇનું જોર ન ચાલેરે
નહીરે જુવેરે દીવસ રાતને રે માથે ચોઘડીયાં—ગણુ.
માતાપીતાને તારા કુટુંબ કબીલારે
કોઇ નહીંરે આવે તારી સાથમાંરે માથે ચોઘડીયાં—ગણુ.
રોહીદાસની ચેલી લીલાદે બોલીયારે
મારા સંતો નો અમરાપુરમાં વાશ છેરે માથે ચોઘડીયાં—ગણુ.

ભજન ૨૧

મારાં મહીંડાં લુટીને કાન નાસી ગયો
નાસી ગયો કાન છટકી ગયો. મારા૦

(સાખી)

હુ દોહોતી હતી ગાવડી બેઠી દુધને દોહી
છાનામાના આવીયા વાલા વેળા જોઈ
દહીં ખાધા પીધાને માટ ફોડી ગયો (૨)
ફોડી ગયો જીવણુ ઢોળી ગયો (૨) મારા૦

(સાખી)

ગાય વરાવી કાનડે ગોપી સાથનો સાથ
ઓચીંતા પ્રભુ આવીયા હરીયે ઝાલ્યો હાથ
જોતાં જોતાંમાં હાથ મરડી ગયો (૨)
મરડી ગયો જીવણુ નાશી ગયો (૨) મારા૦

(સાખી)

હરીવર તુજને નીરખવા ચડયા કદમને ઝાડ
હું પણ પાછળ થઈ પડી ખોળી ન આવ્યા હાથ
તે લાલ છેલ ત્યાંથી છટકી ગયો (૨)
છટકી ગયો જીવણ નાશી ગયો (૨) મારા૦

(સાખી)

આવ્યા ગોકુલ ગામમાં ના મળ્યા દીનોનાથ
કોને સખી હું શું કરૂં હરી ના આવ્યા હાથ (૨
રાધેના સ્વામી પ્રભુ નાશી ગયા (૨)
નાશી ગયો જીવણ છટકી ગયો (૨) મારા૦

ભજન ૨૨

નાગર નંદાજીના લાલ રાસ રમંતાં મારી નથણી ખોવાણી
કાના જડી હોયતો આલ્ય રાસ રમંતાં મારી નથણી ખોવાણી
નાની નાની નથણી ને મહી ગણેરા મોતી
નથણીને કારણે રાધા જોતી જોતી—નાગર૦
નાની નાની નથણીને મહી જડેલા હીરા
નથણી આપોને મારા સુભદ્રાના વીરા વીરા વીરા—નાગર૦
એક એક મોતી મહી સોના કેરો તાર
સોળસો ગોપીમાં પ્રભુ રાખો મારો ભાર ભાર ભાર—નાગર૦
નાનેરી પહેરૂં તો મારે નાકે ના સોહાય
મોટેરી પહેરૂંતો મારા મુખપર ઝોલા ખાય ખાય ખાય—નાગર૦



આંબે બોલે કોયલડીને વનમાં બોલે મોર
રાધાજીની નથણીનો શામળીયો છે ચોર ચોર ચોર—નાગર૦
નથણીને કારણે મેં ઢુંઢ્યું વંદ્રાવન
નથણી આપોને મારા પ્રાણજીવન વન વન—નાગર૦
નથણી આપોને પ્રભુ નંદના કુમાર
નરસઇયાના સ્વામી ઉપર જાવું બલીહાર હાર હાર —નાગર૦

ભજન ૨૩

મારી હુંડી સ્વીકારો મહારાજરે શામળા ગીરધારી
પ્રભુ એક તમારો આધારરે—શામળા ગીરધારી
મારી હુંડી શામળીયાને હાથરે—શામળા ગીરધારી
રાણાજીયે રઢ કરી વળી મીરાં કેરે કાજ
ઝેરના પ્યાલા મોકલ્યારે વાલે ઝેરના જાણનહારરે
શામળા ગીરધારી—મારી૦

સ્થંભ થકી પ્રભુ પ્રગટીયા; વળી ધરીયાં નરસિંહ રૂપ
પ્રહલાદને ઉગારીયો રે વાલે માર્યો હીરણાકશ્ય ભુપરે
શામળા ગીરધારી—મારી૦

ગજને વાલે ઉગારીયો, વળી સુદામાની ભાગી ભુખ
દોહલીવેળાના મારા વાલમારે, તમે ભક્તોને આપ્યાં ઘણાં સુખરે
શામળા ગીરધારી—મારી૦

પાંડવની પ્રતિજ્ઞા પાળી, વળી દ્રુપદીનાં પુર્યાં ચીર
નરસિંહ મહેતાની હુંડી સ્વીકારજોરે તમે સુભદ્રા બેનના વીરરે
શામળા ગીરધારી—મારી૦

સાડા ત્રણસો તીરથવાસી, ને રૂપીયા છે સો સાત
વ્હેલા પધારજો દ્વારકા રે એને ગોમતી નાહ્યાની ઘણી ખાંતરે
શામળા ગીરધારી—મારી૦

તીરથવાસી સૌ ચાલીયા, આવ્યા નગરની માંહે
આ શહેરમાં એવું કોણ છે રે, જેનું શામળશા શેઠ એવુંનામરે
શામળા ગીરધારી—મારી૦

નથી બ્રાહ્મણ નથી વાણીયા, નથી ચારણ નથી ભાટ
લોક કરે છે ઠેકડી રે, નથી શામળશા શેઠ એવું નામરે
શામળા ગીરધારી—મારી૦

રહેવાને નથી ઝુંપડું, ને જમવાને નથી જુવાર
બેટો બેટી વળાવીયાં રે, વળી વળાવી ઘર કેરી નાર રે,
શામળા ગીરધારી—મારી૦

ગરથ મારૂં ગોપીચંદન, ને તુલસી હેમને હાર
સાચું નાણું મારો શામળો રે મારી દોલતમાં ઝાંઝ પખાજરે
શામળા ગીરધારી—મારી૦

તીરથવાસી સહુ ચાલીયા આવ્યા નગરની બહાર
વેશ લીધો વાલે વણીકનો મારૂં શામળશા શેઠ એવું નામરે
શામળા ગીરધારી—મારી૦

હુંડી લાવો હાથમાં વળી આપું પુરા દામ
રૂપીઆ આપું રોકડા મારૂં શામળશા શેઠ એવું નામ રે
શામળા ગીરધારી—મારી૦

હુંડી સ્વીકારી વાલે શામળે વળી અરજે કીધાં કામ
મેતાજી ફરી લખજો રે મુજ વાણોતર સરખું કાજ રે
શામશા ગીરધારી—મારી૦

ભજન ૨૪

ધન જેણે હરી ગુણ ગાયા સંસારમાં,
બીજા સઉ જાણજો ભવૈયા સંસારમાં,
આરે સંસારમાં ને આરે અવતારમાં—ધન જેણે૦
હાથી ઘોડા સુખપાલ બેઠે શું થયું,
શું થયું મેળવી માયા સંસારમાં—ધન જેણે૦
કંઠ સહીને જમ કહાડશે પલકમાં,
દુર રહેશે સુત વીત જાયા સંસારમાં—ધન જેણે૦
દયા પ્રીતમ ભજો નંદના કુંવરને,
સફળ થશે એની કાયા સંસારમાં—ધન જેણે૦

ભજન ૨૫

સાનું કરો કલ્યાણ દયાળુ પ્રભુ સૌનું કરો કલ્યાણ;
નર નારી પશુ પક્ષીની સાથે, જીવ જંતુનું તમામ—દયાળુ.
જગતના વાસીઓ સૌ સુખ ભોગવે આનંદે રહે આઠેપ્હોર-દયાળુ.
દુનીઆમાં દરદ દુકાળ પડે નહી લડે નહિ કોઇ જન-દયાળુ.
કોઇ કોઈનું બુરૂ ના ઇચ્છે સૌનું ઇચ્છે સૌ સમાન-દયાળુ.
પોત પોતાના ધર્મ પ્રમાણે સર્વે ભજો ભગવાન-દયાળુ.

ભજન ૨૬

દીલાદે ભીખ દરશનકી પ્રભુ તેરા ભીખારી હું,
ચલાકર દુર દેશનસે તેરે દરબાર મેં આયા;
ખડા હું દ્વારપે દીલમે તેરી આશાકા ધારી હું. દીલાદે.
ફીર્યા સંસાર ચક્કર મેં ભટકતા રાત દીન વીરથા,
વિના દીદાર કે તેરે હમેશાં મેં દુખારી હું. દીલાદે.
તુહી માતા પીતા બંધુ તુહી મેરા સાહાયક હે,
તેરે દાસોકે દાસકે ચરણુકા સેવકારી હું. દીલાદે.
મેરા હું પાપ દોસનસે ક્ષમા કર ભુલ કો મેરી,
ઓ બ્રહ્માનંદ સુણુ વીનતી સરણુમેં મેં તુમારી હું. દીલાદે.

ભજન ૨૭

ભજ મુરખ મમતા મેલી, ભજ અંત સમયના બેલી;
જેની સંગે રહ્યો રંગ રેલી, તે મુકશે તને હડસેલી. ભજ૦
નહી રહે નાણાની ઠેલી ઘરબાર હાટ હવેલી;
આવ્યો ત્યારે શું લાવ્યો, શું સાથમાં લઇ જાશો. ભજ૦
આવ્યાતા પુન્યી લઇને, જાશો ખાલી થઇને;
કહે દાસ પરસોતમભાઈ, તું ભજીલે ગોવીંદ ભાઇ. ભજન૦

ભજન ૨૮

ભુતળ ભક્ત પદારથ મોટુ બ્રહ્મલોકમાં નાહીરે
પુન્ય કરીને અમરાપુરી પામ્યા અંતે ચોરાસી માંહીરે. ભુતળ
હરિના જનતો મુક્તિ નામાગે, માગે જનમોજનમ અવતારરે
નીત્ય સેવા નીત્ય કીરતંન ઓછવ, નીરખવા નંદકુમારે. ભુત
ભરતખંડ ભુતળમાં જનમી, જેણેરે ગોવીંદના ગુણ ગાયરે
ધનધન એની માત પીતાને, સફળ કરી એણે કાયારે. ભુતળ
ધન વંદ્રાવન ધન એ લીલા, ધન એ વ્રજના વાસીરે
અષ્ટમા સીદ્ધિ આંગણીયરે ઉભી, મુક્તિ છે એની દાસીરે. ભુતળ
એ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુક જોગીરે
કંઇયેક જાણે વ્રજની ગોપી જાણે નરસીયો ભોગીરે. ભુતળ

ભજન ૨૯

દોરંગા સાથે નવ બેસીએજી
એમાં પત પોતાની જાયરેજો. દોરંગા.
ઘડીમાં ચડે ઘડીમાં રંગ ઉતરેજી
ઘડીમાં વેરાગી બની જાયરેજો. દોરંગા.
ઘડીમાં ગુરૂ ઘડીમાં ચેલકાજી
ઘડીમાં પીર થઇને પુજાયરે જો. દોરંગા.
કામી કપટીને લોભી લાલચુજી
એતો પરને દુઃખે ન દુખાયરે જો. દોરંગા.

ગુરૂ પરતાપે જીવણ બોલીયાજી
એતો નિશ્ચે ચોરાસી લઇ જાયરેજો. દોરંગા.

ભજન ૩૦

મારા શામળીયાજી શેઠ (૨) તમે અમને લઇ ચાલોં વૈકુંઠ ઠેઠ.
સુદામાનું સંકટ હરીયું, મુષ્ટિક તાંદુળ માટે
કરમાબાઇનો કુર જમીયા, જુગદીશ પાછલી રાતે. મારા (૧)
અહલ્યા નારી ગૌતમની પ્રભુ ચરણુ રજથી તારી,
સવરી કેરાં એઠાં બોર આરોગ્યાં ગીરધારી. મારા. (૨)
કુબજા દાસી કંસની પ્રભુ ચંદન માટે સ્થાપી
ઝેર ભરીને માસી આવી, જશોદા પદવી આપી. મારા. (૩)
દ્રૌપદી પોકારે વીઠલ, દવારકાંથી આયે
કૌરવની સભામાં હરજી ચીર લઇને ધાયે. મારા. (૪)
મીરાં ઉપર ક્રોધ કર્યો રાણાએ હરજી જ્યારે,
હેત કરીને રાધા વરે ચાંપ્યા રૂદીયા સાથે. મારા. ૫)
કર જોડી ગોપીજન કહે છે, વહાલા ના વીસારો,
અમે તમારે શરણે રહીએ ભવસાગરથી તારો. મારા. ૬)

ભજન ૩૧

હાંરે હરી તમે મારા ને હું તમારો
જાણી પોતાનો મને તારોરે..................હરી

આનુ તમારૂ નાટે શરણેરે લેજો,
અવગુણ ના જોશો મારારે..................હરી
મને તો વાલું હરી નામ તમારૂં
સંસાર લાગે બધો ખારો રે..................હરી
કામ ક્રોધ મારી કેડે પડયા છે
કુડ કપટ મારા કાઢો રે,..................હરી
મહેર કરીને મહારાજ પધારો,
અંત સમય એક દહાડો રે..................હરી
દાસ નારણસીંગ ગુરૂ કૃપાએ;
આવ્યાં કારજ મારાં સારોરે..................હરી

ભજન ૩૨

કોઈ મને કૃષ્ણ દેખાડોરે મધુવનમાં
કોઈ મને પ્રભુજી મીલાવોરે શ્રીગોકુળમાં
કોઈ મને રણછોડરાય મીલાવોરે શ્રી ડાકોરમાં. કોઇ મને
મેરી મતી હેરી તેરો મરમ ન જાણે
વનમાં ફરે વાલો તનમાંરે વધુવનમાં   કોઇ મને
સકલ વન ઘુડયાં સકલ વ્રજ ઘેર્યા
અતીસે ઉદાસી મારા તનમાંરે મધુવનમાં,   કોઇ મને
અમર ચીર પહેયા મેઘાડંમર ઓઢયા
ફુલડાં વીણંતી બાગનમાંરે મધુવનમાં.   કોઇ મને

ફાટંતા ચીર કાંઈ હાર મારા તુટયાં,
નીર ભર્યાંરે લોચનમાંરે મધુવનમાં. કોઇ મને
સુરદાસ કહે પ્રભુ તુમારે મીલનકો,
અતીસે ઉલટ મારા તનમાંરે મધુવનમાં. કોઇ મને

ભજન ૩૩

પારણે ઝુલો હો લાલ—પારણે ઝુલો હો હાલ;
કાનુડાને પારણે ઝુલાવો હો લાલ.
માહારા લાલજીને પારણે ઝુલાવો હો લાલ.
માહારા અલબેલાને પારણે ઝુલાવો હો લાલ–પારણે૦
નટવર નાના કુવર કનઇયા,
નંદ કેરે દ્વાર પધાર્યા હો લાલ. પારણે૦
સોનાનું પારણુને રેશમની દોરી,
હરખે માહારા કાનને ઝુલાવો હો લાલ– પારણે૦
કોઈ લાવે દહીને કોઈ લાવે દુધડાં
બાલુડાને નાવણુ કરાવો હો લાલ– પારણે૦
કોઇ લાવે કંકુ ને કોઈ લાવે કેશર;
બાલુડાને તીલક કરાવો હો લાલ– પારણે૦
કોઈ લાવે માખણને કોઇ લાવે મીશરી,
બાલુડાને ગળવણ કરાવો હો લાલ– પારણે૦
ચંદ્ર સખીનો સ્વામી શામળીયો,
નંદ કેરે દ્વાર પધાર્યા હો લાલ. પારણે૦

ભજન ૩૪

બાનાની પત રાખ્ય પ્રભુ તારાં બાનાની પત રાખ્ય.
બાના માટે જો દુ:ખ દેશો, તો કોણ જપે તારો જાપ. પ્રભુ.
ઝેર હતાં તે અમરીત કીધાં, રાખી મીરાંની લાજ૦ પ્રભુ.
રોહીદાસનું શ્રીફળ લીધુ ના જોઇ જાત કે ભાત૦ પ્રભુ.
તાતી કઢા તમે સીતળ કીધી, સુધનવાને કાજ— પ્રભુ.
મહેતાને મંડળીક મારવા આવ્યો, તારે કેદારો લવ્યા મધરાત
પંચાળીના તમે પટકુળ પુર્યાં, રાખી સભામાં લાજ— પ્રભુ.
પ્રહલાદની તમે પ્રતીજ્ઞા પાળી, થંભમાં પુર્યો વાશ— પ્રભુ.
તુલશીના સ્વમીને કહું કરજોડી અંતરની પુરજો આશ—પ્રભુ.

ભજન ૩૫

તુજ વીંના મોરી કોણ ખબર લે શ્રીગોવરધનધારીરે.
ઔરનકું તો ઔર ભરૂંસો, હમકુ આશા તુમારીરે, તુજ૦
મોર મુગટ પીતાંબર શોભે, કુંડલકી છબી ન્યારીરે. તુજ૦
પાણીની ઉપર પાર બંધાવી, સેન્યાતે પાર ઉતારીરે તુજ૦
ભરી સભામાં દ્રૌપદી પોકારે, લજ્જાતે રાખી મોરારીરે, તુજ૦
વંદ્રા તે વનને મારગ જાતાં, મલ્યા છે મોહન મોરારીરે, તુજ૦
વંદ્રાતે વનમાં રાસ રચ્યો છે, સોલસેં ગોપીમાં ગીરધારીરે તુજ૦
જાુમનાકે તીરે ધેનુ ચરાવે, બંસી બજાવે રંગ પ્યારીરે તુજ૦
વંદ્રાતે વનની કુંજ ગલનમાં, ખેલત રાધા નારીરે, તુજ૦
બાઈમીરાં કહે પ્રભુ ગીરધરના ગુણુ ચરણુ કમળ બલીહારીરે તુજ૦

ભજન ૩૬

જે દુઃખ થાયતે થાજો રૂડા રામને ભજતાં (ટેક)
પિંડ પડેતો પડવા દેજો, જીવ જાયતો જાજો, રૂડા.
ચે બાંધીને તળે અગ્ની પ્રજાળે, માર મુશળના ખાજો, રૂડા.
લોક નીંદે તેને નીંદવા દેજો, રાજા દંડેતો દંડાજો, રૂડા.
હરાજનોને દાસ રણછોડ કેહેછે, ગુણતો ગોવિંદના ગાજો રૂડા.

ભજન ૩૭

ગોકુળ વેહેલા પધારજોરે.
મથુરા જાવો તો માહરા સમ હો લાલ
ગોકુળ વહેલા પધારજોરે.
રથ જોડીને અકરૂડ આવીયારે.
એતો મને દુઃખડાંનો દેનાર હો લાલ ગોકુળ.
ઓજાય એજાય રથ મારા નાથનોરે,
વાંસે બેઠા હલધર વીર હો લાલ. ગોકુળ.
આગળ રાધાજી ઉભા રહયારે,
માહારા રૂદીયા ઉપર રથ ખેડો હો લાલ. ગોકુળ.
મેતા નરસઈના સ્વામી શામળોરે,
વાલે માહારે અમને રમાડયા રાસ હો લાલ. ગોકુળ.

ભજન ૩૮.

હરીના નામનુંરે મેંતો જોને માંડયું હાટ
રામનામનું ભર્યું વસાણું જ્ઞાનનો છે ગલ્લો.
ભવસાગર છે મોટો દરીયો, પાર પડે તે ભલ્લો — હરીના
ચીત્તનો કીધો ચોપડો ને પાર વીનાની પુંજી,
હોરવું હોય તો હોરી લેજો કસ્તુરી છેમોંઘી — હરીના
ખરૂંજ લેશો ને ખરૂંજ દેશો ત્યારે તો તમે તરશો
કર્યા કરમ ભોગવવાં પડશે, નહી ચેતો તો મરશો—હરીના
જોઈ વિચારી વેપાર કરીયે જો રળીએ તો મલીયે
દાસ દવારકાં એમ કરી કહે છે, હરી ભજનથી તરીયે-હરીના

ભજન ૩૯

અચ્છા મેરા દીનાનાથ મેરી શુધ લેના.
મેરી શુધ લેના રામા મેરી શુધ લેના- અચ્છા૦
સોનેકા સોનૈયા નાહિ રૂપેકા રૂપૈયા નાહિ
કોડી દમડી પાસ નાહિ કહાં જાકે રહેના- અચ્છા૦
માતા નાહિ પીતા નાહિ ઔર જોટી બંધવ નાહિ
એસા કોઇ દોસ્ત નાહિ કહાં જાકે રહેના- અચ્છા૦
ખેતી નાહિ વાડી નાહિ ઓર કુચ્છ ધંધા નાહિ
ઔસા કોઈ રાજા નાહિ કહાં જાકે રહેના- અચ્છા૦
કહેતા મલુખદાસ છોડી દો પરાઇ આશ
ગંગાકે કીનારે જાકે રામ નામ લેના— અચ્છા૦

ભજન ૪૦

એ છે નીરાકાર સાકાર એનો કોઇ ન પામ્યા પાર (ટેક)
રૂષિષો હાર્યા મુનીયો હાર્યા, હાર્યા સંત મહંત (૨)
વેદ પુરાણો પાર ન પામ્યા, એવા ઇશ અનંત- એ છે૦
સહસ્ત્ર અઠયાસી સિદ્ધ ચોરાશી, સનકાદીક સુકદેવ (૨)
ભાવ ધરીને ભજન કર્યાની, સૌને જુદી ટેવ- એ છે૦
રામ કહે કોઇ કૃષ્ણ કહે કોઇ દેવી કહે કોઇ શીવ (૨)
જેવુ જેના ગુરૂએ ગાયું, તે માને તે જીવ- એ છે૦
મંત્ર તમારા ગુરૂ તમારા શસ્ત્ર અને વળી શેવ (૨
જ્યાં ફાવે ત્યાં પાપ તજીને, ભજજો જગના દેવ-એ છે૦

ભજન ૪૧

ઘડપણમાં ગોવિંદ ગાશું ગુરૂરાજ;
અમે ઘડપણમાં ગોવિંદ ગાશું;
અમને હમણાં નથી નવરાશું. ગુરૂ૦ ૧
ગુરૂ જ્ઞાન અમે સાંભળ્યું તમારૂં,
મુક્તપુરીનું બતાવો છો બારૂં,
પણ અમારે કર્મે ચોટયું કારભારૂં. ગુરૂ૦ ૨
અમે મોટા કહેવાઇએ વેપારી,
રાત દીવસ કરવી મગજ મારી;
કથા કયારે સાંભળીયે તમારી. ગુરૂ૦ ૩

અમારે ઘેર છે ઝાઝું હુઝાણું,
નિત્ય સાચવવું સગાઓનુ ભાણું;
પ્રભુ રસની વાતો ક્યાંથી જાણું. ગુરૂ૦ ૪
હજી બાંધવા છે બારસો માળા;
હજી થાવુ હજાર મીલવાળા;
ક્યાંથી ફેરવીયે તમારી માળા. ગુરૂ૦ ૫
સાઠ લાખની પુંજીમાં શું કરીયે,
ક્રોડ અબજ તીજોરીમાં ભરીયે,
પછી નાતમાં મોટેરા થઇ ફરીયે. ગુરૂ૦ ૬
પાંચ દીકરા વિલાયત ગયા છે,
વહુ દીકરીને કજીયા થયા છે;
એવા ઘરમાં ધમરોળ મચ્યા છે. ગુરૂ૦ ૭
શંડો કરમે નીકળી કજીયાળી;
વળી ગામમાં સાળાને સાળી;
નિત્ય મનાવવી પડે ભમરાળી, ગુરૂ૦ ૮
સાઠ વરસની ઉમર થઈ અમારી,
તે શું આંખમા આવે છે તમારી;
હજી પરણવી છે નવલી નારી.. ગુરૂ૦ ૯
સર નાઇટના ખીતાબો લઇશું;
વાઇસરોયને આ કારો દઈશું;
પછી ઠાઠડીયે ભેગા થઇશું. ગુરૂ૦ ૧૦

ભજન ૪૨

પંખી ાવના કોણુ માહાલેરે આ પંખી વિના કોણુ માહાલેરે
આ પાંજરીયામાં પંખી વિનાં કોણુ માહાલે
કાયા પાંજરીયું તારૂં નથી કાયમ રહેનારૂ
ન જાણીશ પડશે આજકે કાલેરે   આ પાંજરીયાં
જબ જાશે હંસા ઉડી, પડી રહેશે માયા મુડી
જમડા આવીને ટોટો ઝાલેરે.   આ પાંજરીયાં
વેપારી ઉઠીને ચાલ્યો હાટ મુકીને હાલ્યો
આ હીસાબ કોઇનો કોઇએ ના આપ્યોરે–આ પાંજરીયાં
ધમણુ પડી ગઇ છાની, અંદર અગ્નિ ઓલાણી
કોહોડો મુકીને લુંવાર ચાલ્યો રે.   આ પાંજરીયામાં૦
પરણીને આવી વહેલી, ચહે લગી સગા સબંધી
ક્યાં પાંજરીઉ ખોળી બાળેરે.   આ પાંજરીયામાં૦
પીંજર સાકળચંદ ગાવે, ભજીલેને પ્રભુને ભાવે;
આવાગમન મટી જાવેરે.   આ પાંજરીયામાં૦

ભજન ૪૩

અવસર આવ્યો છે રે ભાગીયા, સમજુને ડાહ્યા હતા તે જાગીયા
હરી રસ હેતે પીવાને લાગીયા, ભવના બંધન તેના
ભાગીયા૦ અવસર૦
અલ્યા માયા મદીરાના કેફમાંરે લોલ, તારો જીવડો ઝોલા
ખાયજો૦ અવસર

મળ્યો મનુશ્યા દેહ મોગો મણીરે લોલ, અલ્યાકાસ્યું
મેળવ્યું ધુળજો૦ અવસર,
તેં કર્મ કર્યાતે બહુ ભાતનારે લોલ, અલ્યા કુરમતી દમડાને
માટે જો૦ અવસર,
જ્યારે દરશન થાશે જમરાજનારે લોલ તારી થર થર
કંપશે કાયજો૦ અવસર
જ્યારે પાના નીકળશે તારા પાપ નારે લોલ લેશે પળ પળના
હીસાબજો. અવસર૦
શ્રી દ્વારકેસલાલ એવું કહેરે લોલ, અલ્યા સોમાં નવાણુની
ભુલજો, અવસર.

ભજન ૪૪

મહારો હંસલો નાનો ને દેવળ જુનું તો થયું,
જુનું તો થયુંરે પીંજર પડયુંતો રહ્યું રે. માહારો૦
કુડી કુડી કાયા રામા જુઠી જુઠી માયારે.
કુડા તો દીલાસા અમને દઇતો ગયો. માહારો૦
આરે કાયાની સાથે પ્રીતો બંધાણી રામા;
પડી ગયા દાંત રેખુ પડયું તો રહ્યુ રે, માહારો૦
કાયાનો ગઢ હંસા ડોલવાને લાગ્યોરે;
ઉડી ગયો હંસ પીંજર પડયું તો રહ્યું માહારો૦
બાઇ મીરા કહે પ્રભુ ગીરધરના ગુણ વાલા;
ભજન વીના અયુષ્ય એળે તો ગયું. માહારો૦

ભજન ૪૫

હાથ ચક્ર ત્રિશુળ બીરાજે અલેક જગાવુ નગરીમાં
શ્રી કૃષ્ણના દરશન કારણ આવ્યા સદાશીવ ગોકુલમે
મંદીર બેઠી જસોદા મૈયા અવાજ સુણીયા કાનુમે.
થાળ ભરી કંચન સોલાવ્યાં લીયો જોગેસ્વર ઝોળીમે,
ચાર ખુટકા સોના રૂપા ભર્યા હે માઈ મેરી ઝોળીમે,
શીવજી કહે માઈ હમ નહી લેવે—લઇ જાઓ અપને ઘરમે.
અમ જોગેસ્વર વનકા વાશી આયે દરશન કારણકું
તેરા બાલકકા દરશન કરકે ફેર જાવું મેરે બનકુ,
તમારા સરૂપ હે કાલાં પીળા સુરજ જેસી બાદલકી
મેરા બાલક તો કલકા જનમ્યા નજર લગે કોઇ સખીયનકી.
ચાંદા સુરજ નવલખ તારા ભજન કરે તેરા બાલકકા
એ બાલક તો સબકુ ડરાવે એ બાલક નાહી ડરનેકા
મનમેં સમજી ચલે જશોદા લઇ આવ્યા શ્રી કૃષ્ણકુ.
દોનુ નજર જ્યાં હુઇ એક ત્યાં, શીશ નમાવ્યા શંકરે
ચરણ ધોઈ ચરણામ્રત લીધા, સંગીનાદ બજાયા હે,
ચઉદ ભુવનકા નાથ શ્રી કૃષ્ણ સફળ જનમ માઇ તેરા હે.

ભજન ૪૬

અમને ચાકર રાખોજી અમને ચાકર રાખોજી.
શામળીયા ગીરધારી લાલ ચાકર રાખોજી,

હજુરી ચાકર રહીશુ જી, હજુરી ચાકર રહીશું જી.
મોહન મોરલી વાળા આપ ચાકર રહીશું જી.
ચાકરીમાં સમરણ માગું, દરશન માગું ખરચી
ભાવ ભક્તિ ઝાઝેરી માગું, ચારે વાતો સરખી. અમને.
જપ કરવાને બ્રાહ્મણ સરજ્યા તપ કરવા સંન્યાસી
ભજન કરવા સંત સરજ્યા-વંદ્રાવનના વાશી. અમને.
રાઠોડા ઘેર દીકરી ને રાણાજી ઘેર નાર
શામળીયા તોરે કારણમેં મેંતો છોડ દીયો સંસાર. અમને.
ચાકર રહીશું ને બાગ બનાવશું નીત્ય નીત્ય સેવા કરશું
બાઇ મીરા કહે ગીરધરલાલા રાધે ગોવીંદ ગઇશું.

ભજન ૪૭

થવાનુ ના થવાનું કે જગતમાં કોણ હેવો છે.
ન જાણ્યું જાનકી નાથે સહવારે શું થવાનું છે.
સહવારે શુ થવાનું છે સહવારે શુ થવાનું છે
હતી શલ્યા રૂપે અહલ્યા જગતમાં વાત જાહેર છે
ન જાણ્યું જ્ઞાની ગઊતમે સહવારે શું થવાનું છે.
હતા કઉરવ અને પાંડવ જગતમાં મહાબળી જોદ્ધા.
નજાણ્યું ભીષ્મ જેવાએ સહવારે શું થવાનું છે.
રમ્યા જુગટુ સહુ સાથે વીભુતી સહુ ગયા હારી,
ન જાણ્યું ધર્મ જેવાએ સવારે શું થવાનું છે,

દક્ષકે યજ્ઞમેં જાકર તજી જબ દેહ સતીને,
ન જાણ્યું ભોળા શંભુએ સહુવારે શું થવાનું છે.

ભજન ૪૮

મન માયાના કરનારારે જરી જોને તપાસી તારી કાયા
પુછી જોને તું પંડીત પુરાણુારે કોઇના અમર છે લેખ લખાયા
કાચી છે કાયા આ જુઠી છે માયાને માટીના ખેલ બનાયા
શાણુા હતા તે સમજીને બેઠા, બાલક બીચારા લપટાયારે-જરી.
લાખોની પાંખો ગઇ છે પીખાઇ જેની મુછ પર લીંબુ ઠરાયા
કાળના કોહાડેથી કોણુ બચ્યું છે રંક હોય કે ભલે રાયારે-જરી.
સંધ્યાના જેવા રંગ સોનેરીને વંઝાયે લાડ લડાવ્યા.
જોબનને ધન તંન એવાં સમજવાં પાણીમાંના પરપોટારે-જરી.

ભજન ૪૯

ઈતના તુ કરના સ્વામી, જબ પ્રાણુ તનસે નિકલે.
ગોવીંદ **નામ** લેકર—ફીર પ્રાણુ તનસે નીકલે.
શ્રી ગંગાજીકા તટ હો—યા જુમનાજીકા બટ હો,
મેરે સાવરા નીકટ હો— જબ૦
શ્રી વંદ્રાવનકા સ્થળ હો-મેરે મુખમેં તુલશી દલહો.
વીષ્ણુ ચરણુકા જલ હો— જબ૦
સનમુખ શામ ખડા હો, બંસીકા સ્વર ભર્યા હો,
તીરછા ચરણુ ધર્યા હો— જબ૦

શીરસોહના મુકુટ હો, મુખડેપે કાળી લટ હો;
ચેહી ધ્યાન મેરે ઘટહો— જબ૦

જબ કંઠ પ્રાણ આવે, કોઇ રોગ ના સતાવે,
યમ દરશન ના દીખાવે. જબ૦

મેરા પ્રાણ નીકળે સુખસે, તેરાં નામ નીકળે મુખસે;
બચ જાઉં ઘોર દુખસે. જબ૦

ઉસ વક્ત જલ્દી આના, નહી શ્યામ ભુલ જાના,
બનસીકી ધુન સુનાના. જબ૦

યહ નેકશી અરજ હૈ, માનો તો ક્યા હરજ હૈ.
કુછ આપકા ફરજ હૈ. જબ૦

દાસકી એ અરજી–ખુદ ગર્જકી હે ગરજી;
આગે તુમારી મરજી. જબ૦

ભજન ૫૦

કરો હરીકા ભજન પ્યારે ઉમરીયાં વીત જાતી હે.
પુર્વ શુભ કર્મ કર આયા, મનુષ્ય તન ધરણીમે પાયા;
ફીરે વિષયોંમે ભરમાયા, મોત નહી યાદ આતી હે.
કરો હરી૦

બાલાપણ ખેલમાં ખોયાં, જોબનમે કામ વશ હોયા;
બુઢાપે ખાટ પર સોયા, આશ મનકો સતાતી હે. કરો હરી૦

કુટુંબ પરીવાર સુત દારા, સ્વપ્ન સમ દેખ જગ સારા;
માયાને જાલ બીછાયા, નહી ઓ સંગ જાતી હૈ૦ કરો હરી૦
જો હરીકે ચરણ ચીત્ત લાવે સો ભવસાગરકો તર જાવે
બ્રહ્માનંદ મોક્ષપદ પાવે વેદ વાણી સુણાતી હૈ, કરો હરી૦

ભજન ૫૧

તેરી શરણ પડા મૈ આય નાથ મોહિ દે દરશન પ્યારા,
નાથ મોહે દે દરશન પ્યારા.
ગોકુલ ઢુંઢી મથુરા ઢુંઢી બીંદ્રાબન સારા;
કાશીપુરી સકલ ફીર ઢુઢી ઢુઢયાં હરદ્વારા. નાથ મોહિ૦
કોઇ વૈકુંઠ કૈલાસ બતાવે કોઈ સાગર પારા,
કોઇ કહે સબ જગકે ભીતર–વ્યાપક કરતારા. નાથ મોહિ૦
સંત બતાવે ઘટકે માંહી પરગટ ઉજીયારા;
કોઇ કહે ઓ અલખ નીરંજન સબશે હે ન્યારા, નાથ મોહિ૦
ચત્રુભુજા પીતાંબર સોહીએ શીસ મુગટ ધાર્યા;
બ્રહ્માનંદ મેં દરશન પાઉં–જાવું બલીહારી, નાથ મોહિ૦

ભજન ૫૨

તુલસી મગન ભયો રામગુણ ગાયસે
રામગુણ ગાયસે ગોપાળ ગુણ ગાયસે તુલસી
કોઇ ચલે હાથી ઘોડા પાલખી મંગાયસે
સાધુ ચલે નંગેપગે કીડીયા બચાયશે. તુલસી

કોઈ ઓઢે સાલ દુશાલા કામળી મંગાયસે,
સાધુ ઓઢે ભગવી કફની ભભુત લગાયસે. તુલસી
કોઇ ખાવે સીરાપુરી લડુવા બનાયસે.
સાધુ પાવે સુકા ટુકડા ભોગ લગાયસે, તુલસી૦
સબ કોઈ ન્યાલ ભયે કુચકંચનમે,
તુલસી ન્યાલ ભયે રામગુણ ગાયસે. તુલસી૦

ભજન ૫૩

દો દીનકા જગમેં મેળા,
સબ ચલા ચલીકા ખેલા;
કોઈ ચલા ગયા કોઇ જાવે—કોઈ ગઠડી બાંધ સીધાવે;
કોઇ ખડા તૈયાર અકેલા, * સબ ચલા૦
કરી પાપ કપટ છલ માયા, ધન લાખ કરોડ કમાયા;
સંગ ચલે ન એક અધેલા. સબ ચલા૦
સુત, માત, નાર, પીતુ, ભાઇ, કોઇ અંત સહાયક નાહી;
કયોં ભરે પાપકા ઠેલા. સબ ચલા૦
યહ નાશવંત સંસારા, કર ભજન ઇશ્વિરકા પ્યારા;
બ્રહ્માનંદ કહે સુણુ ચેલા. સબ ચલા૦

ભજન ૫૪

ક્યાં તું લાયા ક્યા લે જાયગા, વિના દીયે કુછ મીલતા હે,
દીયા લીયા તેરે સંગ ચલેગા, આગે ધર્મ તુમેરાં હે;
હરી નામકા સુમરણ કર લે, દેને વાલા દાતા હે—ક્યા તું.

મટી ચુન ચુન મહેલ બનાયા, મુરખ કહે ઘર મેરા હે,
ના ઘર તેરા ના ઘર મેરા, એક દીન જંગલ સોના હે—ક્યા૦
કોડી કર કર માયા જોડી, જોડ જમીન પે ધરતા હે,
જેસી જીસકી કીસમત બાવા, એસા ઉનકુ મીલતા હે—ક્યા૦
કોઇ દીન ચડના હાથી ઘોડા, કોઇ દીન મલમલ ખાસા હે,
કોઇ દીન ઓઢના પતલીસી કમલી, કોઇ દીન જંગલ બાસા હે—ક્યા
એસી ભોમકા તંબુ બનાયા, જમી કુલીશે ભારી હે,
ચાંદા સુરજ દોઉ મીજલ બનાયા, તેરી કુદરત ન્યારી હે—ક્યા૦
કહેત કબીરા સુનો ભાઇ સાધુ; તેરી કુદરત ન્યારી હે—ક્યા૦

ભજન ૫૫

મારૂ મન મોહ્યું, વાસલડીને શબ્દે કાનુડા કાળા,
હું તો ઘેલી થઇ, ઘરમાં નથી ગમતું મારા વાલા
એતો વનમાં જ્યારે વાગે છે, મને બાણુ સરીખું લાગે છે.
એનો શબ્દ ગગનમાં ગાજે છે. મારૂ મન

એ અધર ઉપર ઉપર વાગે છે, સુણી અંતર મારૂ દાઝે છે,
મુને વેહની વેદના જાગે છે. મારૂ મન

એને તપની સાધન કીધી છે, વળી કૃષ્ણ કૃપાસીદ્ધ કીધી છે.
દયા પ્રીતએ કર લીધી છે. મારૂ મન

ભજન ૫૬

સ્વામી શ્રી વિદ્યાનંદજીની બનાવેલી સાખીઓ તથા પદ.

ધન જોબનીયું જાયંગે, જેસે ઉડત કપુર;
મન મુરખ ગોપાલ ભજ, કયોં ચાટત જગધુળ— શ્રીમન.
એક બાત એકાંતમે સુન લો જગદાધાર;
તેરે મેરે કર્મ તો પ્રભુ કા કયા ઉપકાર— શ્રીમન.
તીન ટુક કોપનીકે, અરૂ ભાજી બીન લુણ;
તુલસી રઘુવીર ઉર બસે, ઇંદ્ર બાપડો કોણ— શ્રીમન.
ગોધન ગજ ધન બાજી ધન ઓર રતન ધન ખાન;
જો આવે સંતોષ ધન, સબ ધુલ સમાન— શ્રીમન
સંત સમાગમ હરીકથા, તુલસી દુર્લભ હોય;
દારા સુત અરૂ લક્ષ્મી, પાપી હું કે ઘર હોય— શ્રીમન.
જાકે રાખે સાંઇયા, મારી શકે નહી કોય;
બાલ ન બાંકો કરી શકે, જો જગ વેરી હોય— શ્રીમન.
કામ ક્રોધ મદ લોભકા, જબ લગ મનમે ખાન;
કયા પંડીત કયા મુરખ, દોનો એક સમાન— શ્રીમન.
રામ નામમેં આળસુ, ભોજનમે હુંશીઆર;
તુલસી એસે જીવકો, વારવાર ધિક્કાર— શ્રીમન.
કૃષ્ણ પ્રભુ કે નામપર, ત્યાગા ધન અરૂ ધામ;
આવેંગે વે નિશ્ચય હી, સમય પર કામ— શ્રીમન.

ભજન ૫૭

અત્ર આવો પધારો અમોલા મેમાન અંતરના વહાલે વધાવીએ
અમ અંતરનું સ્વાગત સ્વિકારવા વાળી અંતરના ભાવને વધારવા
આપ આવો પધારો અમોલા મેમાન અંતરના વહાલે વધાવીએ
અમ દીનતણી અરજ સ્વીકારશો, વીમળ ચીત્તે હ્રદયમાં ઉતારશો
પછી હેતેથી આપ પધારો મેમાન૦ અંતરના વહાલે વધાવીએ
ન મળે કલગી કે હાર અમદીનના, નમળે ગુલાબ ગોટા મહામુલના
માત્ર હૈયાના આવે ઉમળકા જે આજ અંતરના વહાલે વધાવીએ
અત્ર આવો પધારો અમોલા મેમાન અંતરના વહાલે વધાવીએ.

ભજન ૫૮

ગોવીંદા ગુણ ગાઇ લ્યો મન ઘેલા.
તમે થાઓને વહેલા વહેલા,
હરીગુણ ગાઇ લ્યો પરથમ પહેલા રે, ગોવીંદા૦
કાયા પાણીનો પરપોટો, અંતે એ ભરૂસો ખોટો
જુગમાં હરી જસ છે મોટો રે, ગોવીંદા૦
મન તું મારૂં મારૂં કરતો, સગા સંબંધી સાથે લડતો.
તું તો હીંડે છે રણમાં રડવડતો રે, ગોવીંદા૦
જીવ તારા માતપીતાને ભ્રાત, તારી કોઇ નહિ આવે સાથ
તારે જાવું એકલા વાટ રે, ગોવીંદા૦
જીવતારે અવર તણી શી આશ, વેશ ઘણા ને થોડી રાત.
ક્ષણમાં થઇ જાસે પરભાત રે, ગોવીંદા૦
એવી વૈષ્ણવ જનની રીત, કરીએ શામળીયા શું પ્રીતરે,
ગોવીંદા૦

ભજન ૫૯

નંદકુંવર તારૂં નામ સાંભળી આશા ભર્યા અમે આવ્યારે
વાલા આશા ભર્યા અમે આવ્યારે;
વનમાં વેણુ વગાડી રશીયા૦ સા અર્થે તેડાવ્યારે નંદકુવર૦
ગૌ દોવંતા દુણીરે ભુલ્યા૦ વાછરડા ધવરાવ્યારે, નંદકુવર૦
વાજંતા વલોણા મેલ્યા૦ છાછરમાં ઘીઈ તાવ્યારે. નંદકુવર૦
મહીયરની મરજાદા મેલી, સાસરીમાં સમજાવ્યારે, નંદકુવર૦
રણુછોડના સ્વામી સુંદીરવર, દાસે ગુણુ તમારા ગાયારે,
નંદકુવર૦

ભજન ૬૦

કરીયાં કરીયાં કામણ અમને કાંઇ કંઇ કંઈ.
કાનુડે અમને કરીયા કામણ કંઇ કંઈ, ટેક૦
જ્યારે જોવું ત્યાં વાલો નજરે નીહાળું.
વાલા વીના તો બીજું નહી નહી નહી, કાનુડે૦
ઘરમાંને બાહાર મુને ઘડીએ નવ ગોઠે.
ઘેલુડી બની હું તો ગઇ ગઇ, કાનુડે૦
પ્રેમ કુવામાં ફાંસી વરતજ વાઢી.
દીલથી દીલાસા અમને દઇ દઇ દઈ, કાનુડે૦
અમીધર ઉરમાં હશી વશીને,
છબીતો છબીલાની રહી રહી. કાનુડે૦

ભજન ૬૧

બેની વ્રજમાં વાતો એવી થાય છે રે,
મારો વાલો મથુરા જાય છે રે— બેની૦
સર્વે વ્રજની સુંદરી ભેળી થઇ રે.
રથ રોકીને આડી ઉભી રહી રે, બેની૦
રથ જોડીને અકરૂડ આવીયાંરે,
તમે શા શા સમાચાર લાવીયાં રે— બેની૦
અમે મહેતા નરશીંઆના સાથમાંરે
અમે છીએ હરી તમારા હાથમાં રે, બેની૦

ભજન ૬૨

મથુરામાં હરીને જાવા નહી દઉં રે;
અબળાનુ મોહનજી માનો કહ્યું રે— મથુરા૦
જે કેહેશો તે સ્થીર કરી થાપશું રે,
કુબજાથી અધીક સુખ આપશું રે— મથુરા૦
એમ કહેતાં અમારાં કહ્યા નહી કરોરે,
અમને મારીને પછે ડગલા ભરોરે— મથુરા૦
સર્વે સુંદરીને સાથે તેડશું રે,
કહે ગેમલજી પછે રથ ખેડશું રે— મથુરા૦

ભજન ૬૩

સીતાના સ્વામી તમારો ભરૂસો મને ભારી.
રંકના ઉપર વાલો ચમર ઢોળાવે રે
ભુપને કીધાં ભીખારી રે— સીતાના.
દેવળ ફેરવી ને વાલે દરશન દીધાં રે
કેલૈયો ઉધાર્યો પેલી પાર રે— સીતાના.
નખ વધારી વાલે હિરણ્યાકશ્યપ મારો રે
પ્રહલાદને લીધો ઉગારીરે— સીતાના.
પાંડવો ની વાલે સહાયજ કીધીરે
લાખા ભુવનમાં મુકી બારીરે— સીતાના.
પેસી પાતાળે પ્રભુએ કાળી નાગ નાથ્યોરે
શ્યામ થયા છો મોરારીરે, સીતાના.
તાતી કઢાઇ તમે શીતળ કીધી રે
સુધનવાને લીધો ઉગારી રે. સીતાના.
ભલે મળ્યા મેંતા નરસઈંના સ્વામી રે.
નામ ઉપર જાવું વારી રે સીતાના.

ભજન ૬૪

તમે હલકે ગાડી હાંકો તમે ધીરે ગાડી હાંકો મેરા રામ
ગાડીવાલા, મારા સદગુરૂ ગાડી વાળા૦ મેરા રામ
ગાડી મારી અજબ રંગીલી ને બેલ જોડયા બે ચાર
હાંકનવાલા છેલછબીલા બેઠન વાલા લાલરે—મેરા રામ ગાડી.

ગાડી છુટી રેતમેં ને મજલ પડયા હે દુર;
સાચા સદગુરૂ જો મીલેતો, પહોંચાડે હજુર રે—મેરા રામ.
ઘોડા છુટયા સ્થાનસે ને પીછે પડયા પોકાર;
દશ દરવાજા બંધ કર્યા પણ નીકળી ગયો અસ્વાર રે—મેરા રામ.
જંતર મારૂં જાજવું ને તુટી ગયા સઉતાર;
જંતર બીચારા કયા કરે રે, ગયો બજાવન હારરે—મેરા રામ.
ગંગા કીનારે ઘર કરો ને, નહાવો નીર્મળ નીર;
દંત વીના નવ પામીએરે, એમ કહી ગયા દાસ કબીરરે—
મેરા રામ.

ભજન ૬૫

કયા પાનીમે મલમલ નાહાવે
મનકી મેલ ઉતાર પીયારે— કયા પાની
હાડમાસકી દેહ બની હે
ઝરે સદા નવ દ્વાર પીયારે— કયા પાની
પાપ કર્મ તન કે નહી છોડે
કેસે હોય સુધાર પીયારે— કયા પાની
